રાષ્ટ્રીય મહિલા આયોગના ચેરપર્સન રેખા શર્માએ કહ્યું કે,

# #ME TOO મૂવમેન્ટને કારણે મહિલાઓ અંગેના કાયદાઓની ઉણપ બહાર આવી

## GNLU ખાતે 'સેક્સ્યૂઅલ હેરસમન્ટ ઓફ વિમેન એટ વર્કપ્લેસ' વિષય પર ગોષ્ઠી યોજાઈ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

'તાજેતરમાં ઈન્ડિયામાં 'મી ટુ મૂવમેન્ટ'માં જોડાઈને મહિલાઓએ પોતાના પર થતાં અત્યાચારો સોશિયલ મીડિયા પર જાહેરતમાં ચર્ચા કરવાનું શરૂ કર્યુ. જેના પરથી તારણ બહાર આવ્યુ છે ભારતમાં મહિલાઓને રક્ષણ આપતા કાયદાઓની જોગવાઈ હોવા છતાં તેનું અસરકારક અમલીકરણ થતુ નથી. આથી એવુ કહી શકાય કે મી ટુ મૂવમેન્ટને કારણે મહિલાઓ અંગેના કાયદાઓની ઉણપ બહાર આવી છે'.આ શબ્દો છે રાષ્ટ્રીય મહિલા પંચના ચેરપર્સન રેખા શર્માના. જેમણે જીએનએયુ ખાતે 'સેક્સ્યૂઅલ હેરસમન્ટ ઓફ વિમેન એટ વર્કપ્લેસ' અને વિમેન પ્રોપર્ટી રાઈટ' વિશે વાત કરતા આ વાત કહી હતી.

### મહિલા આયોગ કાયદામાં રહેલી ઉણપો જાણીને સરકારે રિપોર્ટ કરશે



●રેખા શર્મા

રેખા શર્માએ વધુમાં કહ્યું કે, 'અમે દરેક રાજ્યોમાં મહિલા અંગેના કાયદાઓમાં નિષ્ણાંત લોકોની સાથે ગોષ્ટી કરીને એક રિપોર્ટ બનાવી રહ્યા છે. ગોષ્ટીના અંતે બહાર આવેલા તારણો અમે સરકારને આપીને મહિલા સંબધિત કાયદાઓમાં રહેલી ઉણાપો દુર કરવા અંગે અપિલ કરીશુ. સાથે મહિલાઓને માટે નવા ક્યા પ્રકારના કાયદાકિય રક્ષણ આપી શકાય તે અંગે પણ રિપોર્ટ કરીશુ'.

### લો બોલો...જેના પર સેક્સ્યૂઅલ હેરસમન્ટ'નો આરોપ હોય તે જ વ્યક્તિ તપાસ કમિટીનો ચેરપર્સન

રેખા શર્માએ કહ્યું કે, 'કોઈ પણ સંસ્થામાં મહિલાઓને રક્ષણ આપવા માટે ઈન્ટર્નલ કમ્પ્લેન કમિટી(આઈસીસી)ની રચના કરવામાં આવી હોય છે પરંતુ મોટાભાગના 'સેક્સ્યૂઅલ હેરસમન્ટ'ના કિસ્સાઓમાં આરોપી ઉચ્ચ અધિકારીઓ કે કંપનીના બોસ જ હોય છે અને આઈસીસી કમિટીના ચેપર્સન પણ આ ઉચ્ચ અધિકારાઓ હોવાથી કંપનીમાં પુરાવાઓનો નાશ કરી દઈને કેસને રફેદફે કરી દેવામાં આવે છે'.

### ફેક્ટ ફીગર ઓફ સેક્સ્યૂઅલ હેરસમન્ટ કેસ

- 2018ના વર્ષના પહેલા 7 મહિનામાં 27,533 કેસ નોંધાયા છે
- દેશમાં એક દિવસમાં 110 જેટલી મહિલાઓ સાથે સેક્સ્યૂઅલ હેરસમન્ટ થાય છે
- સેક્સ્યૂઅલ હેરસમન્ટમાં 99.1 ટકા કિસ્સાઓમાં નોંધાતા જ નથી
- 2014માં સેક્સ્યૂઅલ હેરસમન્ટના નોંધાયેલા કેસમાં વર્ષ 2017માં 54 ટકાનો વધારો

Scanned by CamScanner